# હિંમતનગરની મેડિસ્ટાર હોસ્પિટલ કોવિડ-૧૯ કોરોનાની સારવાર આપશે

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનો કેસ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં જ નોંધાતા જિલ્લા આરોગ્ય અને વહિવટીતંત્ર સજ્જ બની ગયુ છે. ત્યારે હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓ તેમજ અન્ય લોકોને સંક્રમણનું જોખમને ટાળી શકાય તે માટે હિંમતનગરની મેડિસ્ટાર ખાનગી હોસ્પિટલને કોવિડ-૧૯ તરીકે જાહેર કરી સુવિધાઓ શરૂ કરાઈ છે.

હિંમતનગર-રાજસ્થાન સિક્સલેન હાઈવે પર આવેલી મેડિસ્ટાર હોસ્પિટલને કોવિડ-૧૯ કોરોના હોસ્પિટલ તરીકે જાહેર કરવામાં આવી હોવાની વિગત આપતા જિલ્લા કલેક્ટર સી.જે. પટેલે જણાવ્યુ હતુ કે હાલ હિંમતનગરની સિવિલ હોસ્પિટલ ખાતે ૨૦૦ બેડની આઈસોલેશનની સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત પણ જો જિલ્લામાં કોરોના સંક્રમણ વધે તો તેવા સમયે હિંમતનગરની એક ખાનગી મેડિસ્ટાર હોસ્પિટલને કોવિડ-૧૯ તરીકે સજ્જ કરવામાં આવી છે જેમાં ૧૦૦ બેડની ક્ષમતા સાથે આઈસોલેશન અને વેન્ટીલેટર સહિત તમામ આધુનિક આરોગ્ય સેવાથી સજ્જ કરવામાં આવી છે. જેમાં મેડિસ્ટાર હોસ્પિટલના ૧૦થી વધુ તજજ્ઞ અને અન્ય ખાનગી તબીબોની સેવા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ઉપરાંત પેરામેડિકલ સ્ટાફ આ સંકટની ઘડીએ દર્દીઓની સેવા ખડેપગે સેવા બજાવશે. જરૂર જણાય તો વધારાના સ્ટાફની પણ ઉપલબ્ધિ કરાવાશે. જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ અને જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી તથા સિવિલ સર્જન પરામર્શમાં રહીને ૨૪ કલાક સતત કાર્યરત આ હોસ્પિટલમાં જિલ્લામાંથી આવતા દર્દીઓને વિનામૂલ્યે સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે.



## ધાનેરાની બેન્કમાં પૈસા ઉપાડવા માટે લોકોની ભીડ જામી

વહેલી સવારથી ધાનેરાની મોટાભાગની બેંકો આગળ લોકોના ટોળા જોવા મળ્યા હતા અને મોટા પ્રમાણમાં લોકો બેંક માં આવ્યા હતા તો બીજી તરફ બેંક ચાલુ થયા બાદ પણ લોકોની ભારે ભીડ જોવા મળી હતી ત્યારે આજે ધાનેરાના પ્રાંત અધિકારી મામલતદાર પોલીસ નગરપાલિકાની ટીમ સહિત સ્થાનિક તંત્ર ધાનેરાની મોટાભાગની બેંકની મુલાકાત લીધી હતી અને અધિકારીઓની સાથે સાથે લોકોને પણ દૂર ઊભા રહેવા માટે સમજાવ્યા હતા.





## હિંમતનગર પાલિકાના સફાઈ કામદારોની આરોગ્ય તપાસણી કરાઈ

હિંમતનગરમાં કોરોનાનો પોઝેટીવ કેસ આવતા તંત્ર હરકતમાં આવી ગયુ છે ત્યારે પાલિકાતંત્ર દ્વારા સફાઈ કામદારોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી. પાલિકાના સભાખંડમાં તાલુકા આરોગ્ય વિભાગના તબીબો દ્વારા થર્મલ ગન દ્વારા પ્રત્યેક સફાઈ કામદારોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. આરોગ્ય કર્મચારીઓએ પણ ઉત્સાહ બતાવી સહયોગ આપ્યો હતો.

# ખેડબ્રહ્માામાં ભારત વિકાસ પરિષદ દ્વારા અવિરત કિટોનુ વિતરણ કરાય છે

### આજ સુધી અંદાજે ૪૫૦ કીટો અપાઈ છે અને હજુ ચાલુ જ છે : સેવાનો ધર્મ સાર્થક કરે છે ભારત વિકાસ

કોરોના વાઈરસ ને લઈ મહામારી માફક ફેલાયો થયો છે ત્યારે સરકાર ધ્વારા ૨૧ દિવસ નુ લોક ડાઉન જાહેર કર્યુ છે ત્યારે ગરીબ અને મધ્યમ વર્ગ ના લોકો ને રાશન ની કીટો બનાવી ને ઘરે ઘરે પહોંચાડવાનું કામ છેલ્લા ૧૬ દિવસ થી અવિરત ચલાવે છે લોકો ના ઘરે ઘરે જઈ અનાજ ની કીટો આપે છે.

ખેડબ્રહ્મા શહેર મા ભારત વિકાસ પરિષદ નામ ની સંસ્થા ખેડબ્રહ્મા ને જ્યારે જરુર હોય ત્યારે ખડેપગે ઉભી રહે છે જ્યારે પણ ખેડબ્રહ્મા ને જરુરીયાત હોય છે ત્યારે સૌથી પહેલા ભારત વિકાસ પરિષદ જ આગળ આવે છે અને અત્યારે જ્યા રે લોક ડાઉન મા જ્યારે ખેડબ્રહ્મા ની જનતા જરુર છે ત્યારે લોકો ના ઘરો મા ચુલા ચલાવવાનું કામ કર્યુ છે આ કીટ મા મરચુ, મિઠ્ઠુ, હળદર, લોટ, તેલ, બટાકા, ડુંગળી, શાકભાજી, દાળ બે પ્રકાર ની અને ચા જેવી જરુરિયા વસ્તુઓ એક કીટ બનાવી ને લોકો ને અપાય છે જેથી એ લોકો ને ઘરે ૬ થી ૭ દિવસ ચાલે એટલુ સામાન આપવામા આવે છે.

ખેડબ્રહ્માના અંતરિયાળ ગામડાના લોકોને પણ આ કીટો પહોંચાડવામાં આવે છે આ અવિરત કાર્ય મા સેવા આપતા ભારત વિકાસ પરિષદ ના જીગ્નેશભાઈ રાવલ, મહેન્દ્રસિંહ ચૌહાણ, રાજુભાઈ સિંધી, જીગરભાઈ સોની, મુકેશભાઈ પ્રજાપતી, એ લોક ડાઉન ના બંધ દિવસો મો આ સેવા નુ કામ કરીયુ છે.

# પાલનપુરમાં સદભાવના ગ્રુપ દ્વારા એક મહિનાનું કરિયાણું અપાયું

### કોરોના મહામારીના કારણે લોકડાઉનની પરિસ્થતિમાં દાતાઓની અવરજવર

### વૃધાઆશ્રમ મુકામે બંધ થવાના કારણે વડીલ વૃધોને જમવાની મુશ્કેલી ઉત્દ્રવેલ

કોરોના મહામારીને લીધે ઉદ્ભવેલ પરિસ્થિતિના કારણે પુરા દેશમાં હાહાકાર મચી જવા પામેલ છે.દેશના લોકો એક બની નેક બની આ મહામારી સામે ઝઝૂમી રહ્યા છે.સરકારની સાથે સાથે કદમ મિલાવીને અનેક સેવાભાવી સંસ્થાઓ લોકોની સેવા માટે આગળ આવ્યા છે.

વર્તમાન કોરોના મહામારીના કારણે પાલનપુર મુકામે આવેલ વૃધાશ્રમને પણ જેની અસર થવા પામી છે.હિંદુ સમાજ દ્વારા સંચાલિત આર.ટી.ઓ સર્કલ મુકામે આવેલ વૃધાશ્રુમમાં ૮૮ દેશભરના વડીલ વૃધો અને સેવાભાવી સ્ટાફ એમ મળી કૂલ ૯૫ લોકો વસવાટ કરે છે. ચાલુ દિવસો માં આમ જનતા સામાન્ય લોકો અને દાતાઓ સંસ્થાની મુલાકાત લઈ દાનની સરવાણી વહાવતા હોય છે.ઘણા લોકો પોતાના ઘરે શુભ પ્રસંગે તેમજ જન્મદિન નિમિતે વૃધાશ્રમમાં રહેતા વૃધોનો જમાડતા હોય છે. પરંતુ વર્તમાન કોરોના મહામારીના કારણે આમ જનતા અને લોકોને આવવાનું સંપૂર્ણ બંધ થઈ જવાના કારણે વૃધાશ્રમમાં વડીલો માટે જીવન જરૂરી વસ્તુની તેમજ કરિયાણું સદંતર ખૂટી પડેલ હતું.આ પરીસ્થીતીની જાણ સેવાભાવી સદભાવના ગ્રુપના યુવાનોને થતા ૯/૦૪ ના રોજ વડીલ વિશ્રાંતિ ગૃહના મેનેજર શ્રી ચંદ્રકાંત જોષીનો સંપર્ક કરી જરૂરિયાતની વસ્તુની યાદી મેળવી હતી. અને આજરોજ તા ૧૦/૦૪ ના રોજ એક મહિનો ૧૦૦ માણસોને ચાલે એટલું બે ટાઈમ જમવા અને ૨ ટાઈમ ચા-નાસ્તામાં ચાલે એટલું કરિયાણું વૃધાશ્રમ માં અર્પણ કરવામાં આવ્યું હતું.આજરોજ આ નિમિતે વૃધાશ્રમમાં જીલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલે સદભાવના ગ્રુપના ચેરમેન શ્રી હરેશભાઈ ચૌધરી,પ્રાંત ઓફિસર શ્રી શિવરાજ ગીલવા વૃધાશ્રમ ના પ્રમુખ શ્રી ડો ઉમાકાંત પંડ્યા મંત્રી શ્રી પ્રકાશભાઈ ગાંધી તથા સદભાવના ગ્રુપના યુવાન મિત્રો હાજર રહ્યા હતા.



## મોડાસામાં સબે બરાત પર્વ ઘરોમાં મનાવાયો

મોડાસા, તા. ૧૦

કોરોનાને લઈ સમગ દેશમાં લોકડાઉનની સ્થિતીનુ નિર્માણ થયુ છે, જેમા દુકાનો કારખાના શાળા કોલેજો બંધ કરી દેવામાં આવ્યા છે સાથે મંદિર મસ્જીદ ગુરુદ્વારા અને ચર્ચને બંધ કરી દેવામાં આવ્યા છે. ગઈકાલે હનુમાન જયંતી ભકતોએ ઘરોમાં રહી મનાવી હતી આજે મુસ્લીમોનો તહેવાર શબે બરાત હોઈ સમાજના અગણીઓ અને ધર્મગુરુઓની અપીલને માન આપી દેશ સહીત મોડાસા મુસ્લીમ સમાજના લોકો પોતાના ઘરોમા રહી ખુદાની બંદગી કરશે. આજના દિવસે દરેક મુસ્લીમને કબ્રસ્તાનમા જવાનુ હોય છે પંરતુ લોકડાઉનને કારણે મુસ્લીમ બીરાદરોએ કબ્રસ્તાન જવાનું ટાળ્યુ છે.



## ડીસામાં લોકડાઉનની અસર નહિવત : શાક માર્કેટમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા

સમગ્ર દુનિયામાં કોરોનાએ હાહાકાર મચાવી દીધો છે, બેકાબુ બનેલા આ રોગને લઈ વધુને વધુ લોકો સંક્રમિત થઈ રહ્યા છે. જેમ જેમ દિવસો વીતતા જાય છે તેમ તેમ દર્દીઓ સાથે મૃત્યુના આંકડા પણ વધી રહ્યા છે. લોકોને આ મહામારીમાંથી બચાવવા માટે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન આપવામાં આવ્યું છે. લોકો સોસીયલ ડિસ્ટન્સ રાખી ઘરની બહાર ન નીકળે તે માટે અવાર નવાર સૂચનાઓ પણ આપવામાં આવી રહી છે તેમ છતાં પણ આ જીવલેણ બીમારીની સહેજ પણ પરવા કર્યા સિવાય લોકો ઘરની બહાર નીકળી રહયા છે અને ભીડ ભેગી કરી કોરોના ચેપનું જોખમ વહોરી રહ્યા છે. શુક્રવારે ડીસાના લાયન્સ હોલ નજીક શાકભાજી લેતા લોકોનું આ દ્રશ્ય જોતા એવું લાગી રહ્યું છે કે અહીં લોકડાઉનનો અમલ થાય છે ખરો ? ત્યારે પોલીસ અહીં પણ કડકાઈ દાખવે તે જરૂરી છે.



## ધાનેરામાં ૧૪૪નો ભંગ કરનાર સામે પાલિકા તંત્રે લાલ આંખ

ધાનેરાના શહેરી વિસ્તારમાં જ્યાં જુઓ ત્યાં લોકોના ટોળા જોવા મળી રહ્યા છે જેને લઈ આજે ધાનેરા નગરપાલિકા તંત્ર દ્વારા આવા લોકો તેમજ વેપારીઓ સામે લાલ આંખ કરવામાં આવી હતી અને જે દુકાન પર લોકોના ટોળા હોય તે દુકાનદાર સામે વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો નગરપાલિકાની ટીમ દ્વારા વહેલી સવારથી જ તમામ દુકાનદારોની તપાસ હાથ ધરવામાં આવી હતી અને જે જગ્યા પર લોકોનું ટોળું હોય તે જગ્યા પરથી લોકોના ટોળા પણ દૂર કર્યા હતા.

# સ્વાધ્યાય પરિવાર દ્વારા જાહેર સેનિટાઈઝેશન માટે વિશેષ પ્રકારના સેનિટાઈઝીંગ મશીનની વ્યવસ્થા

હિંમતનગર, તા. ૧૦

હાલના સમયમાં જ્યારે કોરોના વાયરસ મહામારી પોતાનો પંજો ભારતભરમાં પ્રસરાવી રહી છે અને સમસ્ત ભારત એક જૂથ બની તેનો પ્રતિકાર કરી રહ્યો છે. જ્યારે જ્યારે પણ આવી કોઈ આફત સમાજ પર આવી છે ત્યારે પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે (દાદાજી) અને પૂજ્ય દીદીજી એ સમસ્ત માનવમાત્ર માટે ચિંતા કરી છે. સામાન્ય વ્યક્તિ ઘરમાં જ રહે અને સોશિયલ ડિસ્ટંસ જાળવે તેનાથી આ રોગ પર કાબૂ મેળવી શકાય છે. હાલમાં વિદેશના ઘણા દેશોમાં સેનિટાઈઝીંગ મશીન દ્વારા વિશેષ દવાનો છંટકાવ કરીને જાહેર માર્ગો તથા રોડનો સેનીટાઈઝ કરવાની પ્રક્રિયા થઈ રહી છે.

સ્વાધ્યાય પરિવાર દ્વારા આ પ્રકારનું સેનિટાઈઝીંગ મશીન તેના ઓપરેટર સાથેની વ્યવસ્થા કરી સરકારને આપવામાં આવ્યા છે. જેનો હિંમતનગર શહેરના રસ્તાઓને સેનિટાઈઝ કરવા માટે ઉપયોગ કરવામાં આવશે. નગરપાલિકા કર્મચારીઓ સાથે રહી આ મશીનનો ઉપયોગ કરવામાં આવશે. આ સેનિટાઈઝ મશીનની વિશેષતા એ છે કે તે એક સાથે ૪૦૦ લીટરથી વધુ પ્રવાહી સંગ્રહી શકે છે. અને એક સાથે ૪૦ સ્કવેર મીટર એરીયા કવર કરી શકે છે. આ મશીનમાં ઈમ્પોર્ટેડ હાઈ પ્રેશર ડાયાફ્રામ પ્રેશર પંપનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

જેથી પ્રત્યેક ફૂવારામાં એકસરખું પ્રેશર જળવાઈ રહે છે. આ વિશેષ સેનિટાઈઝ મશીન અત્યારે જાહેર સેનિટાઈઝેશન માટે આશીર્વાદરૂપ થઈ રહ્યા છે. જે મશીન પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર અલ્પેશ પટેલની ઉપસ્થિતિમાં હિંમતનગર ફાયર સ્ટેશનમાં ડેમો નિહાળ્યા બાદ અર્પણ કર્યો હતો.

# અરવલ્લીમાં લોકડાઉન વચ્ચે તસ્કરોનો હાથ ફેરો

### માલપુરના અણિયોર અને સાતરડા ગામે કરિયાણાની દુકાનોમાંથી માત્ર ખાદ્યચીજોની ચોરી

છેલ્લા ૧૩ દિવસથી લોકડાઉન કોરોનાને લઈને સમગ્ર ભારતમાં છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં ચોરો પણ લોકડાઉન થઈ ગયા હતા. પરંતુ લોકડાઉન વચ્ચે પણ માલપુર તાલુકામાં તસ્કરોએ હાથફેરો કર્યો હતો અને કરિયાણાની દુકાનમાંથી માત્રને માત્ર ખાદ્યચીજોની જ ચોરી કરી હતી. ચોરીને પગલે દુકાનદારોએ માલપુર પોલીસને જાણ કરી હતી.

આ અંગે મળતી વિગતો અનુસાર માલપુર તાલુકાના અણિયોર અને સાતરડા ગામે કરિયાણાની દુકાનમાં ગત રાત્રીએ તસ્કરોએ હાથફેરો કર્યો હતો અને દુકાનમાંથી માત્ર ખાદ્યચીજોની જ ચોરી કરી હતી. જો કે કોરોનાના લોકડાઉનની અસર વર્તાતા ખાદ્યચીજોની ચોરી કરી હોવાની આશંકા પ્રવર્તી રહી છે. સરકાર દ્વારા લોકોને અનેક સહાયો આપવામાં આવી રહી છે અને કેટલીય સેવાભાવી સંસ્થાઓ પણ ગરીબોને ત્યાં કરિયાણાની કીટનું વિતરણ પણ કરી રહી છે ત્યારે માત્ર ખાદ્યચીજોની ચોરી કરિયાણાની દુકાનમાં થઈ હોવાથી લોકો પણ અચંબીત થયા છે. જો કે દુકાન માલિકે ચોરી અંગે માલપુર પોલીસને કરી જાણ કરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.



## કોરોના અને લોકડાઉનને લઈ ધાનેરા ખાતે સ્થાનિક તંત્ર દ્વારા કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો

અત્યારે સમગ્ર વિશ્વમાં કોરોના નો કહેર જોવા મળી રહ્યો છે તો બીજી તરફ સમગ્ર દેશને લોકડાઉન દેવામાં આવે છે ત્યારે સમગ્ર ઘટનાને સારી રીતે પહોંચી વળવા માટે આજે ધાનેરાના પ્રાંત અધિકારી ચીફ ઓફિસર મામલતદાર શ્રી દ્વારા ધાનેરા ખાતે કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે અને જાહેર જનતાને કંટ્રોલ રૂમ નો નંબર પણ મીડિયા ના માધ્યમ થી લોકોને આપવામાં આવ્યો હતો કોરોનાની તેમજ લોકડાઉન ને લઈને કોઈ પણ જાતની સમસ્યા હોય તો લોકોએ તાત્કાલિક કંટ્રોલ રૂમ પર જાણ કરવી અને લોકોના પ્રશ્નોનો તાત્કાલિક ધોરણે નિકાલ કરવામાં આવશે તેવી ધાનેરાના મામલતદાર શ્રી ખાતરી પણ આપી હતી.

# મોડાસાના હજીરા વિસ્તારમાં વીજ કરંટથી ૧૦ વર્ષીય બાળકીનું મોત

### આંબાના ઝાડ પર કેરી ખાવાની લાલચમાં બાળકીએ જીવ ગુમાવ્યો

અરવલ્લી જિલ્લામાં વીજતંત્રની બેદરકારીના પગલે મોડાસા શહેરમાં વીજતંત્ર દ્વારા મેઈન્ટેનન્સના નામે અનેકવાર વીજપુરવઠો બંધ કરી કામગીરી કરવા છતાં લચકાતા વીજતારના લીધે વીજકરંટ અને તણખલા ઝરતા આગ લાગવાની ઘટનાઓ અનેકવાર બની રહી છે. મોડાસા શહેરના હજીરા વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારની ૧૦ વર્ષીય બાળકી કેરી ખાવા આંબાના ઝાડ પર ચઢતા નજીકમાંથી પસાર થતા વીજતારને અડકી જતા વીજકરંટથી મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. શ્રમિક પરિવારે ભારે આક્રંદ કરી મૂક્યું હતું. વીજકરંટની ઘટનાના પગલે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ અને વીજતંત્રના અધિકારીઓ દોડી આવ્યા હતા. પોલીસે મૃતક બાળકીની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસાના હજીરા વિસ્તારમાં કૃષ્ણ માર્બલની દુકાન નજીક આવેલ આંબાના ઝાડ પર લચકતી કેરી નજીકમાં રહેતા શ્રમિક પરિવારની હિના નામની ૧૦ વર્ષીય બાળકી લલચાતા કેરી ખાવા આંબાના ઝાડ પર ચઢી હતી કેરી તોડવા જતા દુકાનની નજીકથી પસાર થતા વીજતારને અડકી જતા વીજકરંટ લાગતા દુકાનના ધાબા પર પટકાઈ તરફડીયા મારી મોત નિપજતા શ્રમિક પરિવાર અને મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા. વીજતંત્રને કરાતા વીજપુરવઠો બંધ કરી સમારકામ કરવામાં આવ્યું હતું. વીજકરંટની ઘટનાના પગલે પોલીસ ઘટના સ્થળે દોડી જઈ મૃતક બાળકીના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




## ડીસાના એસ.વી. ગ્રુપ દ્વારા જલારામ ટ્રસ્ટ ભોજન સેવામાં ઘઉંનું દાન

કોરોના વાયરસના કારણે લોકડાઉનની પરિસ્થિતિમાં જરુરિયાતમંદો તેમજ ગરીબોને બંને ટાઈમ ભોજન મળી રહે તે માટે ડીસાની જલારામ મંદિર ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે દરરોજ ૧૪ થી ૧૫ હજાર લોકોનું જમવાનું બનાવી ઘર-ઘર સુધી પહોંચતું કરવામાં આવે છે. જલારામ મંદિર ટ્રસ્ટ દ્વારા ચાલતા સેવાયજ્ઞમાં અનેક સંસ્થાઓ તેમજ લોકો સ્વૈચ્છિક રીતે આર્થિક મદદ કરી રહ્યા છે. ત્યારે ડીસાના એસ.વી.ગ્રુપ દ્વારા પણ જલારામ મંદિર ટ્રસ્ટને આ ભોજન સેવા યજ્ઞમાં મદદરૂપ થવાના હેતુથી ૫૧,૦૦૦ના સો મણ વીણાટ વાળા ઘઉં મોકલી આપવામાં આવ્યા છે. એસ.વી. ગ્રુપના જણાવ્યા મુજબ જલારામ મંદિર ટ્રસ્ટ દ્વારા ખૂબ જ શ્રેષ્ઠ સેવા પૂરી પાડવામાં આવી રહી છે ત્યારે ભૂખ્યા જનો ની આંતરડી ઠારવાના હેતુથી જલારામ ટ્રસ્ટની મદદ માટે એસ.વી. ગ્રુપ દ્વારા પણ યથાશક્તિ દાન આપવામાં આવ્યું છે.